મહત્તમ : ૩૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૪ ટકા
ગાંધીનગર તાપમાન

# ચૂંટણીમાં મતદારોને પ્રભાવિત કરતી મા-દિકરીની જોડી

## આમ આદમી પાર્ટી વતી વોર્ડ નં. ૧ માંથી લડી રહેલા રીનાબેન રાવલની ૨૨ વર્ષીય દિકરી પ્રેક્ષા રાવલ વોર્ડ નં. ૩ ની ઉમેદવાર : પ્રેક્ષા સૌથી યુવા ઉમેદવાર હોવા સાથે પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવે છે





ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં જુદા જુદા રંગ જોવા મળી રહ્યાં છે. આ વખતે ચૂંટણીમાં સૌથી વધુ નવા ચહેરાં જેમાં મોટી સંખ્યામાં યુવા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યાં છે. જેમાં સૌથી વધુ યુવાનો આમ આદમી પાર્ટીના છે. આ ચૂંટણીમાં ૧૧ વોર્ડના તમામ ઉમેદવારો પૈકી સૌથી યુવા વય આમ આદમી પાર્ટીના વોર્ડ નં. ૩ માંથી ચૂંટણી લડી રહેલી યુવતી પ્રેક્ષા રાવલ છે જે માત્ર ૨૨ વર્ષની છે. એટલું જ નહીં પરંતુ આ યુવતીની માતા રીનાબેન રાવલ પણ આપ પાર્ટીમાંથી વોર્ડ નં. ૧ માંથી ચૂંટણી લડી રહ્યાં છે. જેના કારણે એક સાથે માતા-પુત્રીની જોડી ચૂંટણી લડી રહી હોય તેવી ઘટના ગાંધીનગરમાં પહેલીવાર જોવા મળી રહી છે.

ગાંધીનગરમાં પહેલીવાર ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીએ મા-દિકરીની જોડીને ટિકીટ આપી છે જેમાં વોર્ડ નં. ૧ માંથી રીનાબેન રાવલ અને વોર્ડ નં. ૩ માંથી તેમની દિકરી પ્રેક્ષા રાવલ ચૂંટણી લડી રહ્યાં છે. કોરોના મહામારી અગાઉ કેનેડા જવા માટેની તૈયારી કરી રહેલી પ્રેક્ષા રાવલ લોકડાઉનના કારણે જઈ ના શકી અને ત્યારબાદ આપ પાર્ટી દ્વારા તેને સામે ચાલીને મેન્ડેટ આપવામાં આવતાં તેણે કેનેડા જવાનું માંડી વાળીને ચૂંટણી જંગમાં ઝંપલાવ્યુ છે અને પ્રચાર દરમ્યાન તે સૌથી યુવા હોવાને કારણે મતદારોમાં આશ્ચર્ય સાથે પ્રભાવ ઉભો કરી રહી છે. આપના દિલ્હીથી નિયુક્ત ગુજરાતના પ્રભારી શિવકુમારે જ્યારે પ્રેક્ષાના પિતા મહેશભાઈ રાવલને પહેલાં જણાવ્યું કે તેઓ પ્રેક્ષાને ટિકીટ આપવા માંગે છે ત્યારે તેમણે કહ્યું હતું કે "પ્રેક્ષા ગાંધીનગરમાં આપ પાર્ટીનો ચહેરો બનશે" જો કે ચૂંટણી લડવી કે નહીં તે નિર્ણય પ્રેક્ષા પોતે જ લેશે તેથી તેના પિતાએ જવાબ આપતાં શિવકુમારે વહેલી સવારે ૭ વાગે પ્રેક્ષાને ફોન કરીને પાર્ટી તેને ટિકિટ આપી રહી હોવાનું જણાવ્યુ હતુ. આ સાંભળી પ્રેક્ષા રાવલે પોતાના પરિવાર સાથે ચર્ચા કરીને જવાબ આપશે તેવું જણાવ્યું હતું. જો કે તેની માતા રીનાબેનને પાર્ટી દ્વારા પહેલેથી જ વોર્ડ નં. ૧ માં ટિકિટ આપવામાં આવી હતી અને પ્રેક્ષાને પણ ઓફર કરાતાં સમગ્ર પરિવારે તેને ચૂંટણી લડવા પ્રોત્સાહિત કરી હતી.

પ્રેક્ષાના માતા રીનાબેન આમ તો હાઉસવાઈફ છે પરંતુ તેઓ અગાઉ નરોડા ખાતે હિરો હોન્ડાના શૉ રૂમની ફેમિલી બીઝનેસના બેંકિંગ સહિતના કાર્યો સંભાળી ચુક્યાં છે. તેઓને સમાજસેવાનો શોખ છે અને રાંધેજા ખાતે ૧૨૦ જેટલી મહિલાઓને ઘરે બેસીને કમાઈ શકે તેવા સ્વરોજગાર થકી પગભર થવામાં તે પણ કોરોના મહામારીના કપરાં કાળમાં મદદરૂપ થઈ ચુક્યાં છે. બંને મા-દિકરી આપ પાર્ટીના પ્રચારમાં ડોર ટુ ડોર પ્રચારથી માંડીને ઈસુદાન ગઢવી, પ્રવિણ રામ અને મનોજ સોરઠીયા જેવા નેતાઓ સાથે પદયાત્રાઓ પણ કરી ચુક્યાં છે અને મહિલાઓને પ્રભાવિત કરી રહ્યાં છે.

### અન્ના આંદોલનથી પ્રભાવિત પ્રેક્ષા સાત ભાષાની જાણકાર

પ્રેક્ષા રાવલ જ્યારે ધો. ૮ માં ભણતી હતી ત્યારે અન્ના હજારે દ્વારા દિલ્હીમાં જંતરમંતર ખાતે છેડવામાં આવેલા આંદોલનથી પ્રભાવિત થઈ હતી અને તે સમયે ઘ-૪ સર્કલે ગળામાં બેનર લટકાવી હાથમાં ત્રિરંગા સાથે દેખાવોમાં પણ જોડાતી હતી. ભ્રષ્ટાચાર વિરૂદ્ધ લડત સાથે દિલ્હીમાં વિકાસલક્ષી કાર્યોથી અરવિંદ કેજરીવાલથી પ્રભાવિત પ્રેક્ષાએ ઉદ્યોગસાહસિકતા અને આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે સ્નાતકનો અભ્યાસ કર્યો છે. તે ફ્રેન્ચ, જર્મન, ઈટાલિયન, ચાઈનીઝ અને સ્વીસ જર્મન સહિત સારી ભાષાઓની જાણકાર છે તેમજ સ્વીટઝરલેન્ડમાં વિદ્યાર્થીકાળમાં જ સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ રહેવા સાથે અનેક દેશોમાં ફરેલી છે. અનેક દેશોમાં મિત્રો ધરાવતી પ્રેક્ષાને ટ્રાવેલિંગ, નેટવર્કિંગ અને કેસ સ્ટડીઝ વાંચવાનો શોખ હોવા સાથે તે "સીપ્લાઝ ફેમિલી બીઝનેસ સ્ટ્રેટેજી" વિષયે થીસીસ લખી ચુકી છે. તેના ધ્યેય હવે ગાંધીનગરમાં ઈમાનદાર કોર્પોરેટર બનીને લોક વિકાસના કાર્યો કરવાના છે.






વોર્ડ નં. ૭-વાવોલ-કોલવડા ભાજપ ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડના ઉમેદવારો શૈલેષભાઈ પટેલ, સોનલબા વાઘેલા, પ્રેમલસિંહ ગોલ, કિંજલબેન ઠાકોરે ભાજપ તરફેણમાં મત આપવા અપીલ કરી હતી.


## સુનીલ સાગર યુવા સંઘ દ્વારા વાહનચાલકોને મિષ્ઠાનના પેકેટનું વિતરણ



ગાંધીનગર, તા.૨૬

રજત સંયમ પર્વ નિમિત્તે આચાર્ય સુનીલસાગર યુવા સંઘ દ્વારા અડાલજ ત્રિમંદિર પાસે વાહનચાલકોને મિષ્ઠાનના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જૈન સાધુ સંતો એક શહેરથી બીજા શહેરમાં વિહાર કરતી વખતે વાહનોનો ઉપયોગ કરતા નથી તેથી વાહનચાલકોને મિષ્ઠાનના પેકેટનું વિતરણ કરીને સંદેશ આપ્યો હતો કે જૈન સાધુ સંતો રાષ્ટ્રની સંપત્તિ છે તો રોડ પર ચાલતા જતા હોય તો એમને અકસ્માત ન થાય તે માટે વાહનચાલકોએ સહયોગ અને સુરક્ષા આપવી જોઈએ.


## રાંધેજાથી બાલવા ચોકડી રોડ ઉપર ખાડાઓ અને ગંદકીનું સામ્રાજય



ગાંધીનગર, તા.૨૬

રાંધેજા ચોકડીથી બાલવા અને બાલવા થી વિસનગર રોડ થઈ પરબત પુરા સુધી નો રોડ અતિશય બિસ્માર હાલતમાં છે. ચોમાસામાં વરસાદને કારણે ખુબજ ખખડધજ રોડ થઈ ગયો છે. ખુબજ મોટી સંખ્યામાં અંબાજી મંદિર જતા લોકો ને પણ ખુબ જ હાલાકી ભોગવવી પડે છે. જેમાં ઘરડા લોકો ને કમર ના દુઃખાવો તેમજ શારીરિક અશકત લોકો ને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ રસ્તો તુરંત રીપેર કરી રીસરફેસીંગ કરવો જોઈએ. મોટા વાહનો ૩૦/૪૦ સ્પીડ થી વધુ જઈ શકતા નથી. ૨ વ્હીલર ચાલકોને ખાડાને કારણે ઉથલી પડવા નો ડર સતાવે છે. માર્ગ અને મકાન વિભાગ ફકત ચોમાસા પછી ડામરના પેચ મારી દે છે. ખાડામાં ભરાયેલા પાણીને કારણે રોગચાળો ફેલાય તેવો ડર પણ ગામના લોકો ને છે તે માટે આરોગ્ય વિભાગ અને માર્ગ મકાન વિભાગ ગામના લોકોની માંગણી સમજી તુરંત રીપેર કરાવે અને લોકોની હાલાકી દુર કરે તેવી લોકમાંગણી છે.


## 'આર્ષ' અક્ષરધામ ખાતે ઓનલાઈન ૯૭મું પ્રવચન યોજાયું




ગાંધીનગર, તા.૨૬

આર્ષ શોધ સંસ્થા અક્ષરધામ દ્વારા ૯૭મું ઓનલાઈન પ્રવચન યોજાયું હતું. જેમાં પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ. પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી આયોજિત કરવામાં આવ્યું હતું. આ ક્રમ અંતર્ગત શાસ્ત્ર અંગે 'ભકત ચિંતામણિ' વિષય પર ૯૭મા પ્રવચનનું આયોજન યોજાયું હતું. આ પ્રસંગે હ્યુસ્ટન, અમેરિકા સ્થિત બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના વિદ્વાન સંત પૂ. જ્ઞાનપ્રિયદાસ સ્વામીના વકતવ્યો તેમજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શ્રીમુખે ભકતચિંતામણિ ગ્રંથની પારાયણ વિડિયો દર્શનનો લાભ પ્રાપ્ત થયો હતો. પ્રવચનના અંતમાં આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળાની પ્રણાલી મુજબ આગામી ૯૮માં ભકિત-વિશેષ વિષયક પ્રવચન 'જગદ્ ગુરુ શંકરાચાર્ય'નીરૂપરેખા આર્ષના નિયામક ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામીએ આપી હતી અને પૂ. હરિતિલકદાસ સ્વામીએ શાબ્દિક આભારવિધિ કરી હતી.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં વિશ્વ દિકરી દિવસ ઉજવાયો







ગાંધીનગર, તા.૨૬

આજે સરકારી વિજ્ઞાન કોલેજમાં "વિશ્વ દીકરી દિવસ" ની ઉજવણીના ભાગરૂપે સંસ્થાની વિદ્યાર્થીની બહેનો અને ભાઈઓએ ખૂબસરસ ચિત્રોના સ્કેચ તૈયાર કર્યા હતા. કહેવાય છેને કે માતા-પિતાના દિલના કોડિયામાં સંસ્કારોના તેલ વડે વાત્સલ્યની દિવાસળી થકી ઘર, સમાજ, માતૃસંસ્થા, અને દેશનું ગૌરવ વધારનારી એટલે દીકરી. અત્રેની કોલેજની વિદ્યાર્થિનીએ બહેનો પણ કોલેજની દરેક ઈવેન્ટમાં સહભાગી થાય છે અને સંસ્થાનું નામ રોશન કરે છે. સંસ્થાના આચાર્ય ડો. એમ. જી. ભટ્ટના સતત માર્ગદર્શનથી રંગકલા કૌશલ્ય ધારા અને **CWDC (Collegiate Women Development Cell)** દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજની અધ્યાપિકા બહેનોએ પણ વિદ્યાર્થીઓને આ ઈવેન્ટ માટે પ્રેરિત કર્યા હતા.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૬

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લાની રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધા યોજાશે. ગાંધીનગર જીલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધાનું આયોજન તા.૨૮-૨૯ સપ્ટેમ્બર-૨૦૨૧ ના રોજ વર્ચુઅલ માધ્યમથી કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે ગીતેશભાઈ પટેલ (આચાર્ય આર.જી.પટેલ કન્યા વિદ્યાલય), નરેશભાઈ ઠાકર (પૂર્વ પી.આર.ઓ, જી.પી.સી.બી. ગાંધીનગર), વસંતભાઈ પટેલ (ઈવોલ્યુટર), ચંદુભાઈ પટેલ (નિવૃત વિજ્ઞાન શિક્ષક અને ઈવોલ્યુટર), રમણભાઈ પટેલ (ઈવોલ્યુટર), પારૂબેન ઠક્કર (ઈવોલ્યુટર), ડો. અનિલભાઈ પટેલ (મેં.ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગર) હાજર રહેશે.

આ વર્ષ ૨૦૨૧-૨૨ માટે નો મુખ્ય વિષય 'નિરંતર જીવનનિર્વાહ માટે વિજ્ઞાન" રાખવામાં આવેલ છે. જેના પેટા વિષય આ પ્રમાણે છે (૧) ટકાઉ જીવન જીવવા માટે ઈકોસિસ્ટમ (૨) ટકાઉ જીવન માટે યોગ્ય તકનીકી (૩) ટકાઉ જીવન માટે સામાજિક નવીનતા (૪) ટકાઉ જીવનનિર્વાહ માટે આલેખન, વિકાસ, નમૂના અને આયોજન (૫) ટકાઉ જીવનનિર્વાહ માટે પરંપરાગત જ્ઞાન પ્રણાલી અપનાવવી.

આ સ્પર્ધામાં ૧૦ થી ૧૪ વર્ષ ની વય જૂથ ના બાળકો જુનિયર વર્ગમાં અને ૧૪ થી ૧૭ વય જૂથ ના બાળકો સિનીયર વર્ગમાં ભાગ લેશે. વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી તેમને કરેલ સંશોધન ચાર્ટ અથવા પી.પી.ટી દ્વારા રજૂઆત કરશે. સંસોધાનની રજૂઆત માટે વિદ્યાર્થીઓ ૮ મિનીટનો સમયગાળો ફાળવવામાં આવ્યો છે. આ સ્પર્ધામાંથી બેસ્ટ ૧૦ પ્રોજેક્ટને રાજ્ય કક્ષાની બાલ વિજ્ઞાન પરિષદ સ્પર્ધામાં મોકલવામાં આવશે જે ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ સ્પર્ધાને માણવા માંગતા હોય તેઓએ ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. રામી બાબુભાઈ આત્મારામ,** ઉ.વ. ૭૮, સેકટર-૨૧
- **સ્વ. ચાવડા કાશીબા કેશરીસિંહ,** આદિવાડા
- **સ્વ. પ્રજાપતિ જશુમતીબેન ભીખુભાઈ,** ઉ.વ. ૬૮, સેકટર-૩૦

# માતામાં ફોલિક એસિડની ઉણપ હોય તો બે માથાં કે અંગોવાળું બાળક જન્મી શકે

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'ન્યુટ્રિશન એન્ડ હેલ્થ ઈન પ્રેગનન્સી' પર રાષ્ટ્રીય સેમિનારનો આરંભ

ગાંધીનગર, તા.૨૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં 'ન્યુટ્રિશન એન્ડ હેલ્થ ઈન પ્રેગનન્સી' વિષય પર બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનો શનિવારથી આરંભ થયો છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહ, રાજસ્થાનના જોધપુરની ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. અભિમન્યુ કુમાર સહિતના મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય થયું હતું.

મુખ્ય મહેમાન ડૉ. અભિમન્યુ કુમારે બીજરૂપ વક્તવ્યમાં ગર્ભાવસ્થામાં પોષણ અંગે વિદ્વતાપૂર્ણ પ્રવચન આપ્યું હતું. તેમણે કહ્યું કે, કોઈપણ વ્યક્તિની બીમારીમાં તેના જનીનનો ફાળો માત્ર ૨૦ ટકા જ હોય છે, ૮૦ ટકા અસર વાતાવરણની હોય છે. સગર્ભા મહિલાએ મહિના અનુસાર ખોરાક લેવો જોઈએ. સગર્ભા માટે ફોલિક એસિડ, આયર્ન, કેલિશયમ એ ટોચનાં વિટામિન્સ છે. ફોલિક એસિડની ઉણપથી ન્યૂરલ ટ્યૂબની ખામીવાળું બાળક જન્મી શકે. જેમાં બાળક બે માથાં કે અંગો જેવી તકલીફો સાથે જન્મે છે. સગર્ભાઓએ એક-બે સમયે ભરપેટ નહીં પણ થોડો થોડો પણ નિયમિત ખોરાક લેવો જોઈએ.




સેમિનારના પ્રમુખપદેથી વકતવ્ય આપતા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે જણાવ્યું કે, આ પૃથ્વી પર ઈશ્વરના વિકલ્પે પૂજી શકાય તેવું કોઈ તત્વ હોય તો તે બાળક છે. માતા એ ઈશ્વરનું સીધું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે, આજે આહારમાંથી પૌષ્ટિક તત્ત્વો નાબૂદ થતાં જાય છે અને સ્વાદ પાછળ આપણે બીમારી તરફ ગતિ કરી રહ્યા છીએ. ગર્ભસ્થ બાળકની તંદુરસ્તી માટે આહાર, વિહાર અને વિચાર અતિ મહત્વનો છે.

કાર્યક્રમના આરંભે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ યુનિવર્સિટીનો પરિચય આપ્યો હતો. ડિપાર્ટમેન્ટ ઑફ પ્રિનેટલ કેર એન્ડ એજ્યુકેશન તથા ડિપાર્ટમેન્ટ ઑફ હોમ સાયન્સના ઉપક્રમે યોજાયેલા આ સેમિનારમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થી-અધ્યાપકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. જ્યારે સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ અંગે ૨૦ વધુ રીસર્ચ પેપર રજૂ થયાં હતાં.

## જન્મદિને વધામણી




મિતેશકુમાર પટેલ



માલવિકાબેન ગજ્જર
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ



પ્રજાપતિ પ્રિયાંશી હર્ષદભાઈ
મો. ૮૧૬૦૮ ૨૮૮૫૨



ક્રીશ્મા મનીષકુમાર પટેલ



મોક્ષા રાકેશ જાની



પરમાર રૂતવાબેન હસમુખભાઈ
મો. ૯૪૦૮૯ ૦૬૧૨૬



હર્ષ પરશોતમ સુખવાણી
મો. ૮૧૪૦૯ ૧૭૧૧૭



મીત વાલજીભાઈ ઠાકોર
મો. ૯૮૨૪૬ ૪૯૧૬૦



શ્રેયાંશ કોઠારી
મો. ૮૧૨૮૧ ૬૨૩૦૧